**CC NO. 1362/2023**
**Exhibit No.33**

**(નમુનો :– અ)**

| **જામજોધપુરના મહે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની કોર્ટમાં, મુ.જામજોધપુર, જી.જામનગર** | | |
|---|---|---|
| **ચુકાદાની તારીખ** | : | ૧૧/૦૬ /૨૦૨૬ |
| **ફોજદારી કેસ નંબર** | : | ૧૩૬૨ /૨૦૨૩ |
| **પોલીસ સ્ટેશન/**<br>**એફ.આઈ.આર. નંબર** | :<br>: | શેઠવડાળા પો.સ્ટે.<br>ગુ.ર.નં. : ૧૧૨૦૨૦૧૩૨૩૦૨૦૯/૨૦૨૩ |
| **ગુનો** | : | ઈ.પી.કો.કલમ– ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબ. |

| | | | |
|---|---|---|---|
| **ફરીયાદી** | : | સરકાર શ્રી,<br>(મુળ ફરીયાદી :અલ્કાબેન વા/ઓ ખેંગારભાઇ નારણભાઇ વારસંકીયા) | |
| **વિધ્વાન એ.પી.પી.શ્રી** | : | એસ.યુ.બાબી | |
| **આરોપી** | : | **(૧)** | **મનજીભાઇ તેજાભાઇ વાઘેલા**<br>ઉ.વ. ૫૨ , ધંધો– મજુરી,<br>રહે. ભોજાબેડી ગામ, તા. જામજોધપુર, જી.જામનગર |
| | | **(૨)** | **મંગલભાઇ ઉર્ફે બીટુ સ/ઓ મનજીભાઇ વાઘેલા**<br>ઉ.વ. ૨૨ , ધંધો– મજુરી,<br>રહે. ભોજાબેડી ગામ, તા. જામજોધપુર, જી.જામનગર |
| | | **(૩)** | **સંજયભાઇ નારણભાઇ વાઘેલા**<br>ઉ.વ. ૨૫ , ધંધો– મજુરી,<br>રહે. ભોજાબેડી ગામ, તા. જામજોધપુર, જી.જામનગર |

**ફોજદારી કેસ નં. ૧૩૬૨ /૨૦૨૩**

| | | | |
|---|---|---|---|
| **આરોપીના વિ.વકીલ શ્રી** | : | | એ.પી.લાલકીયા |

**(નમુનો :– બ)**

| | | |
|---|---|---|
| **ગુનાની તારીખ** | : | ૦૪/૦૭/૨૦૨૩ |
| **ફરીયાદની તારીખ** | : | ૦૭/૦૭/૨૦૨૩ |
| **ચાર્જશીટની તારીખ** | : | ૧૦ / ૧૦ /૨૦૨૩ |
| **તહોમતનામુ /પ્લીની તારીખ** | : | ૨૩/૦૧/૨૦૨૪ |
| **પુરાવો શરુ થયાની તારીખ** | : | ૧૭ / ૦૭ /૨૦૨૫ |
| **ચુકાદા માટે રાખવાની તારીખ** | : | ૧૯/૦૫/૨૦૨૬ |
| **ચુકાદાની તારીખ** | : | ૧૧ / ૦૬ /૨૦૨૬ |
| **સજા કરી હોય તો સજા તારીખ** | : | –––– |

**: આરોપીની વિગત :**

| **નં.** | **આરોપીનુ નામ** | **અટક કર્યા તારીખ** | **જામીન પર છોડયા તારીખ** | **ગુનો** | **તકસીર વાન/ નિર્દોષ** | **સજા** | **Crpc: 428 માટે કસ્ટડી માં રહેલ સમય** |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | મનજીભાઈ તેજાભાઈ વાઘેલા | ૦૭ /૦૭/ ૨૦૨૩ | ૦૮ /૦૭/ ૨૦૨૩ | ઈ.પી.કો. કલમ– ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબ. | નિર્દોષ | – | – |
| ૨ | મંગલભાઈ ઉર્ફે બીટુ સ/ઓ મનજીભાઈ વાઘેલા | ૦૭ /૦૭/ ૨૦૨૩ | ૦૮ /૦૭/ ૨૦૨૩ | ઈ.પી.કો. કલમ– ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબ. | નિર્દોષ | – | – |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૩ | **સંજયભાઇ નારણભાઇ વાઘેલા** | ૦૭ /૦૭/ ૨૦૨૩ | ૦૮ /૦૭/ ૨૦૨૩ | ઈ.પી.કો. કલમ– ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબ. | નિર્દોષ | – | – |

**(નમુનો :–ક)**

**ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદોનુ લીસ્ટ**

**(એ) ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદ :**

| **અનુ નં.** | **આંક** | **નામ** | **સાહેદ ના પ્રકાર** |
|---|---|---|---|
| ૧. | ૧૫ | અલ્કાબેન વા/ઓ ખેંગારભાઇ નારણભાઇ વારસંકીયા | ફરીયાદી |
| ૨. | ૧૭ | આસીફભાઈ નુરમામદભાઈ સમા | પંચ સાહેદ |
| ૩. | ૧૯ | ખેંગારભાઇ સ/ઓ નારણભાઇ વારસંકીયા | સાહેદ |
| ૪. | ૨૦ | મુળજીભાઈ દેવાભાઈ બગડા | સાહેદ |
| ૫. | ૨૫ | બાબુભાઈ દાનાભાઈ સાદીયા | સાહેદ |
| ૬ . | ૨૬ | ધર્મેન્દ્રસિંહ ભરતસિંહ લાઠીયા | ત.ક.અ. |

**ફરીયાદપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજની વિગત :**

**(બી) ફરીયાદપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ :**

| **નં** | **આંક** | **દસ્તાવેજની વિગત** |
|---|---|---|
| ૧ | ૧૬ | ફરીયાદ |
| ૨ | ૧૮ | બનાવવાળી જગ્યાનુ પંચનામુ |

**<u>: : ઠ રા વ : :</u>**

(૧) આ કામે ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી તા.૦૪/૦૭/૨૦૨૩ ના સાંજના સાડા સાતેક વાગ્યાની

આસપાસ પોતાના ઘરેથી ગામમા દુધ લેવા જતા હતા તે દરમ્યાન આ કામના આરોપીઓ ભોજાબેડી ગામ સોસાયટીમા આવેલ ખુલ્લા પટમાં મો.સા. ઉપર બેસેલ હોય તે દરમ્યાન ફરીયાદી ત્યાથી પસાર થતા તેમને જોઇને આરોપી નંબર–૩ નાઓ કહેલ કે તમોએ અમારા કુંટુંબીભાઇ મંગલભાઇ મનજીભાઇ વિરુધ્ધ ફરીયાદ કરેલ હતી. તો અમારૂ શુ કરી લીધેલ હાલ તે છુટસ ગયેલ છે. તેમ કહીને ફરીયાદી સાથે બોલાચાલી કરી જેમફાવે તેમ ભુંડી બીભત્સ ગાળો કાઢી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાને મદદગારી કરી ઈ.પી.કો. કલમ– ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબનો ગુનો કરેલ છે. જેથી આ કામના ફરીયાદીની ફરીયાદ મુજબ હાલના કામના આરોપીઓ વિરુધ્ધ શેઠવડાળા પોલીસ સ્ટેશન માં ઉપરોકત કલમ મુજબ નો ગુન્હો નોંધવામાં આવેલ.

(૨) પોલીસ તપાસમાં આરોપી મળી આવતા આરોપીઓને જામીન લઈ જામીન પર મુકત કરવામાં આવેલ છે. ત્યારબાદ પોલીસ તપાસ પુરી થતા પોલીસે આરોપી વિરુધ્ધ સી.આર.પી.સી કલમ–૧૭૩ મુજબ ઈ.પી.કો કલમ–૫૦૪, ૫૦૬(૨),૧૧૪ મુજબના ગુનાના તહોમતનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે. આ કામે ચાર્જશીટ રજુ થતા સી. આર. પી. સી કલમ – ૧૯૦ (૧) (ખ) અન્વયે સંજ્ઞાન લઈ આરોપીઓને અત્રેની કોર્ટ ધ્વારા સમન્સ કરતા આરોપીઓ અત્રેની કોર્ટમાં હાજર થતા તેઓને ક્રી. પ્રો.કો.કલમ–૨૦૭ ની જોગવાઈ મુજબ પોલીસ પેપર્સની નકલો મળી ગયાની ખાતરી કર્યા બાદ વિ.વ.શ્રી દવારા આરોપીઓ વિરૂધ્ધ આંક– ૦૨ થી તહોમતનામું ફરમાવી અને આરોપીઓની આંક– ૩ થી આંક– ૫ પ્લી લેતા ગુનાનો ઈન્કાર કરેલ. જેથી આ કામે આરોપીઓ સામેની ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવેલ.

(૩) **ફરીયાદી તરફે રજુ થયેલ પુરાવો :** ઉપર નમુના '**ક**' માં જણાવેલ છે, તેથી તેની પુન:ઉકિત કરેલી નથી.

**(૪)** સદર કામે ફરીયાદ પક્ષ તરફથી વધુ કોઈ લેખિત કે મૌખિક પુરાવો આપવો નથી તેવુ મૌખિક રીતે જાહેર કરતાં, ક્રિ.પ્રો.કોડની કલમ ૩૧૩ મુજબ આ કામના આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ. જેમાં ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવા અન્વયેના પ્રશ્નો પુછતા તેનો જવાબ આરોપીઓએ નકારમાં આપેલ છે અને એવી હકીકત જણાવેલ છે કે, ખોટી ફરીયાદ કરી, ખોટી રીતે અટક કરી અને પુરતો પુરાવો ન હોવા છતા ચાર્જશીટ કરેલ છે અને તેઓ નિર્દોષ છે અને નિર્દોષ છોડવા અરજ કરેલ છે. વધુમાં તેઓને સોગંદ પર જુબાની આપવી નથી કે બચાવના સાહેદો તપાસવા નથી, તેવી હકીકત જણાવેલ છે.

**(૫)** ત્યાર બાદ ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી એસ.યુ.બાબી નાઓની તથા બચાવ પક્ષે વિ.વ.શ્રી એ.પી.લાલકીયા નાઓની દલીલો સાંભળવામાં આવેલ છે.

**(અ)** સરકાર પક્ષે એ.પી.પી.શ્રી દવારા તેઓની દલીલમાં મુખ્યત્વે જણાવેલ છે કે આ કામે તપાસવામાં આવેલ ફરીયાદી તથા સાહેદોએ ફરીયાદની હકીકતને અનુરુપ પુરાવા આપેલ. આરોપીઓએ ફરીયાદીને ગાળો આપી ઈરાદા પુર્વક અપમાન કરેલાનું તેમજ આરોપીઓએ ફરીયાદી તથા સાહેદોને જાનથી મારી નાખવાની ધમકી આપેલ તેમજ ગામ છોડાવી દેવાની ધમકી આપેલ હોવાનુ રેકર્ડ પર આવેલ છે. આરોપીપક્ષે ફરીયાદપક્ષના પડેલ પુરાવાની હકીકતોનું ખંડન કરતા કોઈ પુરાવો રજુ રાખેલ નથી. ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શકપણે પુરવાર કરેલ હોય આરોપીઓને તેઓની સામેના આક્ષેપિત ગુનામાં સમાજમાં દાખલો બેસે તેવી સજા તથા દંડ કરવા અરજ કરેલ છે.

**(બ)** આરોપીપક્ષે તેના વકીલશ્રી દવારા દલીલમાં મુખ્યત્વે જણાવેલ છે કે, ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ તમામ સાહેદો સગા સબંધીઓ છે જેથી હિત

ધરાવતા સાહેદો હોય તેઓના પુરાવા પર આધાર રાખી શકાય નહીં. ફરીયાદપક્ષનો પડેલ પુરાવો ધ્યાને લેતા બનાવવાળી જગ્યા એ જાહેર જગ્યા હોવાનું રેકર્ડ પર આવેલ છે. તેમ છતા એવા કોઈ સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી કે તેઓને આ કામે તપાસવામાં આવેલ નથી. ફરીયાદી તથા સાહેદોના પુરાવાથી પણ વિરોધાભાસી પુરાવો રેકર્ડ પર આવેલ છે. આરોપીઓએ ફરીયાદીનું ઈરાદાપુર્વક અપમાન કરેલ હોય અને ઉશ્કેરાટનું કારણ આપેલ હોય તેમજ ફરીયાદી તથા સાહેદોને મારી નાખવાની ધમકી આપેલ હોય અને તેના કારણે ફરીયાદી તથા સાહેદો ભયભીત બનેલ હોય અને પોતાનુ કામ કાજ કરવા અક્ષમ બનેલ હોય તેવું ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. આમ ફરીયાદ પક્ષ પોતાનો કેસ શંકાથી પર પુરવાર કરી શકેલ ન હોય ફરીયાદી અને આરોપી વચ્ચે અણબનાવ ચાલી આવતો હોય આરોપીઓએ કહેવાતો ગુનો કરેલ ન હોય આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

**(૬)** રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવા તથા બન્ને પક્ષકારો તરફે રજુ થયેલ દલીલો ધ્યાનમાં લેતાં મારાં ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>૧</u>** શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે એવી હકીકતો પુરવાર કરે છે કે,આ કામના ફરીયાદી તા.૦૪/૦૭/૨૦૨૩ ના સાંજના સાડા સાતેક વાગ્યાની આસપાસ પોતાના ઘરેથી ગામમા દુધ લેવા જતા હતા તે દરમ્યાન આ કામના આરોપીઓ ભોજાબેડી ગામ સોસાયટીમા આવેલ ખુલ્લા પટમાં મો.સા. ઉપર બેસેલ હોય તે દરમ્યાન ફરીયાદી ત્યાથી પસાર થતા તેમને જોઇને આરોપી નંબર–૩ નાઓ કહેલ કે તમોએ અમારા કુંટુંબીભાઇ મંગલભાઇ મનજીભાઇ વિરુધ્ધ ફરીયાદ કરેલ હતી. તો

અમારૂ શુ કરી લીધેલ હાલ તે છુટી ગયેલ છે. તેમ કહીને ફરીયાદી સાથે બોલાચાલી કરી જેમફાવે તેમ ભુંડી બીભત્સ ગાળો કાઢી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાને મદદગારી કરી ઈ.પી.કો. કલમ– ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબનો શિક્ષા પાત્ર ગુન્હો કરેલ છે?

**૨** શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા ન્યાયીક **તારણો** નીચે મુજબ છે.

**૧** નકારમાં.

**૨.** આખરી હુકમ મુજબ.

**:: કા ર ણો ::**

(૮) **મુદ્દા નં. ૧ અને ૨:–**

આ કામે આરોપી સામેનો કેસ ફોજદારી કેસ છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રનો મુળભુત સિદ્ધાંત છે કે, જ્યાં સુધી આરોપી સામે ગુન્હો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તેવું માનવુ જોઈએ અને ફરીયાદપક્ષે આરોપી સામે જે આક્ષેપ સાબીત કરવા માંગતા હોય તે આક્ષેપ ફરીયાદપક્ષના સકારાત્મક પુરાવાથી શંકાથી પર સાબીત કરવું જોઈએ. આ કામે જ્યારે આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ– ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબનો ગુન્હો કર્યાનો આક્ષેપ છે ત્યારે ફરીયાદપક્ષે આરોપીનો ગુન્હો સાબીત કરવા માટે નીચે મુજબના તત્ત્વો સાબીત કરવા જોઈએ.

**કલમ–૫૦૪ ના તત્ત્વો.**

૧. આરોપીએ ઈરાદાપુર્વક કોઈનું અપમાન કર્યુ,

૨. તેમ કરીને આરોપી તે વ્યક્તિને ઉશ્કેરવા માંગતી હતી,

૩. આરોપી જાણતો હતો કે તેમ થવાથી તે વ્યક્તિ જાહેરશાંતિનો ભંગ કરશે અથવા ગુન્હો કરી બેસશે.

**કલમ–૫૦૬ ના તત્વો**

૧. આરોપીએ કોઇકને ઈજા કરવાના ઈરાદાથી ધમકી આપેલ અથવા તેની આબરૂ અથવા મિલ્કતને નુકશાન થાય તે માટે આવી ધમકી આપેલી અથવા આવી વ્યકતી જે વ્યકતીમાં રસ ધરાવતી હતી તેવી વ્યકતીને ઈજા કરવા અથવા તેની આબરૂ કે મિલ્કતને નુકશાન કરવા માટે ધમકી આપી હતી.

૨. આરોપીએ ગુનાનો ભોગ બનનાર અને ચેતવણી આપવાના ઈરાદાથી આ કરેલુ.

૩. આરોપીએ કોઇ કૃત્ય ભોગ બનનારને થાય તે માટે કરેલુ કે જે માટે તે કાયદેસર બંધાયેલા હતા નહીં.

**કલમ–૧૧૪ ના તત્વો.**

૧. વ્યકિતએ ગુનો કરવા માટે અગાઉથી ઉશ્કેરણી, મદદ અથવા કાવતરૂ ઘડેલુ હોવું જોઇએ.

૨. જે વ્યક્તિએ ઉશ્કેરણી કરી છે, તે વાસ્તવિક ગુનો અથવા કૃત્ય થાય તે સમયે ઘટના સ્થળે હાજર હોવી જોઇએ.

૩. જો તે વ્યકિત ઘટના સમયે હાજર ન હોય, તો પણ તે દુષ્પ્રેરક તરીકે સજાને પાત્ર હોત.

ફરીયાદપક્ષે તમામ વ્યાજબી શંકાથી મુકત રહીને તેનો કેસ સાબીત કરવો જોઈએ તેવો ક્રિમીનલ જયુરીસપ્રુડન્સનો સ્વીકૃત સિધ્ધાંત છે.

બન્ને પક્ષ તરફેની દલીલો તેમજ ફરીયાદ પક્ષે રેકર્ડ ઉપર રજુ કરેલ પુરાવાઓનુ તુલનાત્મક મુલ્યાંકન કરતાં રેકર્ડ ઉપર આવેલ પુરાવો જોઈએ તો,

**ફરીયાદપક્ષનો પુરાવો**

**૮.૧** સદર કામે હાલના ફરીયાદપક્ષે ફરીયાદી અલ્કાબેન વા/ઓ ખેંગારભાઇ નારણભાઇ વારસંકીયા ને આંક–૧૫ થી તપાસવામાં આવેલ છે તેઓની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, હું ઉપરોકત સરનામે રહું છું. સદર કામનો બનાવ તા.૪/૭/૨૦૨૩ ના રોજ સાંજના સાડા ૭ વાગ્યાના સમયે બનેલ. તે વખતે હું મારા ઘરેથી ડેરીએ દુધ લેવા માટે જતી હતી

ત્યારે હું રસ્તામાં ભગા બાપાના ડેલા પાસે મેદાન પાસે પહોંચતા ત્યાં રસ્તામાં મનજીભાઇ વાઘેલા, મંગલભાઇ વાઘેલા, સંજયભાઇ વાઘેલા આ ત્રણેય જણા ત્યાં બેસેલ હતા. હું ત્યાંથી પસાર થતી હતી તો સંજય વાઘેલા એ રીતે બોલવા લાગેલ કે તમે અમારા વિરુધ્ધ ફરીયાદ આપેલ પરંતુ અમારૂ શું બગાડી લીધું. મારો ભાઇ તો છુટી ગયેલ છે. જેથી મે તેમને કહેલ કે તમે મને શા માટે આવું સંભળાવો છો હું તો કાંઇ બોલતી નથી જેથી તે લોકો ઉશ્કેરાઇ ગયેલ અને તેમણે મને ગાળો દેવા લાગેલ. મંગલભાઇ તેમજ સંજયભાઇ મને ગાળો દેવા લાગેલ. ત્યારબાદ મંગલભાઇ વાઘેલાએ ધમકી પણ આપેલ કે તમને ગામ મુકાવી દઇશું. ત્યારબાદ મંગલભાઇ એ મારી નાખવાની પણ ધમકી આપેલ. ત્યારબાદ હું મારા ઘરે જતી રહેલ અને આ બનાવની વાત મે મારા પતિ ને કરેલ. ત્યારબાદ મારા પતિએ કહેલ કે આ બનાવની આપણે ફરીયાદ કરીશું. આ બનાવ નું કારણ એમ હતું કે મારી દીકરીની મંગલ એ છેડતી કરેલ હતી જેનો કેસ પોકસો કોર્ટમાં જામનગર મુકામે ચાલે છે. અને તે કેસમાં મંગલભાઇ ને જામીન મળી ગયેલ જેથી તેઓએ મને કહેલ કે તમે મારૂ શું બગાડી લીધું.તેમ જણાવી આંક-૧૬ થી ફરીયાદમાં પોતાની સહી ઓળખી બતાવી રજુ રાખેલ છે.

સદરહુ ફરીયાદીની આરોપીના વિ.વ.શ્રી ધ્વારા ઉલટ તપાસ કરવામાં આવતા સાહેદે એવી હકીકત કબુલ રાખેલ છે કે, એ વાત ખરી છે કે અમો તથા આરોપીઓ એક જ ગામના છીએ અને પાસે પાસે રહીએ છીએ. એ વાત ખરી છે કે પોકસોના કેસ થયેલ તે પહેલા આરોપીઓ સાથે અમારે સામાન્ય સબંધો હતા. એ વાત ખરી છે કે પહેલા પોકસોનો કેસ થયેલ ત્યારબાદ હાલની ફરીયાદ થયેલ.

સવાલ:- હાલની ફરીયાદ વાળો બનાવ રસ્તા પર બનેલ ?

જવાબ:- હાલની ફરીયાદ વાળો બનાવ મેદાનમાં બનેલ ત્યાં માણસોની અવર જવર ઓછી થાય છે.

એ વાત ખરી છે કે જયાં બનાવ બનેલ તેની આજુબાજુ રહેણાંક વિસ્તાર આવેલ છે. એ વાત ખરી છે કે આ હાલની ફરીયાદ વાળો બનાવ બન્યા બાદ અમો અગાઉ જે ઠેકાણે રહેતા હતા ત્યાં જ હાલમાં રહીએ છીએ. એ વાત ખરી છે કે હાલની ફરીયાદ વાળો બનાવ બનેલ ત્યારબાદ આરોપીઓ સાથે બીજો કોઇ બનાવ બનેલ નથી. એ વાત ખરી છે કે આરોપીઓ અમારા ગામના તેમજ પાડોશીઓ હોય જેથી તેઓને ઓળખું છું. એ વાત ખરી નથી કે આરોપીઓએ મને કોઇ જાનથી મારી નાખવાની ધમકી આપેલ ન હોય આરોપીઓ વિરુધ્ધ ખોટો કેસ કરેલ છે.

૮.૨ આ કામે ફરિયાદપક્ષે પંચ સાહેદ આશીફ નુરમામદ સમાને આંક –૧૭ થી તપાસતા તેઓએ એક લખેલ કાગળમાં પોલીસે સહી કરવાનું કહેતા સહી કરી આપેલ હોવાનું જણાવી આંક–૧૮ થી રજુ બનાવવાળી જગ્યાના પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. જેથી પંચ સાહેદોએ પંચનામાની હકીકતનો પુરાવો રજુ ન રાખતા તેઓને વિમુખ થયેલા જાહેર કરી ભારતીય પુરાવા અધીનીયમની કલમ–૧૫૪ મુજબ ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવા છતા ફરીયાદક્ષ આંક–૧૮ થી રજુ પંચનામાની હકીકતોને કોઈ સમર્થનકારી પુરાવો રેકર્ડ પર લાવી શકેલ નથી.જેથી સદર પંચસાહેદોના પુરાવાથી આંક–૧૮ વાળા પં ચનામાને સમર્થન પ્રાપ્ત થતું નથી.

૮.3 સદર કામે ફરીયાદપક્ષે સાહેદ ખેંગારભાઇ નારણભાઇ વારસંકીયાને આં ક –૧૯ થી તપાસતા તેમને પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, હું ઉપરોકત સરનામે રહું છું. બનાવ તા.૩૧/૫/૨૦૨૩ ના રોજ બનેલ હતો. બનાવ વખતે હું મારા કામે ખાણ એ હતો. બનાવના દિવસે મારા પત્નિ સાંજના સાડા સાત વાગ્યે દુધ લેવા જતા હતા ત્યારે તે વખતે આરોપીઓ ખુલ્લા પટમાંમોટરસાયકલ પર બેઠા હતા તે દરમ્યાન મારી પત્નિ આવતા તેને જોઇને હસવા લાગેલ અને જેમ ફાવે તેમ ગાળો બોલવા લાગેલ અને સંજય એ

કહેલ કે તમે અમારૂ શું બગાડી લીધેલ મારો ભાઇ મંગલ જેલમાંથી છુટી ગયેલ છે તેવું મારી પત્નિને બોલેલ ગાળો બોલેલ. અને બનાવની જાણ મારા પત્નિએ કરેલ. જેથી હું આરોપીની ઘરે ગયેલ અને કહેલ કે આ બાબતની શા ની તકરાર કરો છો તેમ કહેતા આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી આપેલ અને હવે તમારા ઘરનો વારો છે તેવું જણાવેલ. જેથી આ બનાવ સબંધે મારા પત્નિએ આરોપીઓ વિરુધ્ધ ફરીયાદ કરેલ અને બનાવ સબંધે પોલિસે મારી પુછપરછ કરેલ. હું આરોપીઓને ઓળખું છું જેઓ આજ રોજ કોર્ટમાં હાજર છે તે જ છે.

સદરહુ સાહેદની આરોપીના વિ.વ.શ્રી ધ્વારા ઉલટ તપાસ કરવામાં આવતા સાહેદે એ હકીકત કબુલ રાખેલ છે કે, એ વાત ખરી નથી કે હું ખાણ પર કામ અર્થે ગયેલ હોય જેથી બનાવ સબંધે મને કોઇ જાત માહિતી નથી. એ વાત ખરી છે કે અમો બાજુબાજુમાં રહીએ છીએ. એ વાત ખરી છે કે બનાવ બનેલ ત્યારે હું ખાણે હાજર હતો. એ વાત ખરી છે કે હાલના બનાવ બાદ બીજો કોઇ બનાવ બનેલ નથી. એ વાત ખરી છે કે હાલ હું મારા ઘરે જ રહું છું. એ વાત ખરી છે કે હું મારા નિત્યક્રમમાં કામધંધે જાવ છું. એ વાત ખરી છે કે મારા પત્નિ પણ નિયમિત રીતે કામકાજ કરે છે અને મારી સાથે રહે છે. એ વાત ખરી છે કે ફરીયાદ લેખિતમાં આપેલ હતી.એ વાત ખરી છે કે આરોપીઓ સાથે અમારે અગાઉથી અણબનાવ ચાલી આવે છે. એ વાત ખરી નથી કે આરોપીઓ સાથે અણબનાવ ચાલી આવતો હોય મારી પત્નિને આરોપીઓએ કોઇ ધમકી આપેલ ન હોવા છતાં કે કોઇ અપમાન કરેલ ન હોવા છતાં ખોટી રીતે ફસાવી દેવા હાલની ખોટી ફરીયાદ કરેલ છે. એ વાત ખરી નથી કે આરોપીઓએ મને કોઇ ધમકી આપેલ નથી.

૮.૪ સદર કામે ફરીયાદપક્ષે સાહેદ બાબુભાઈ દાનાભાઈ સાદીયાને આંક –૨૫ થી તપાસેલ છે તેઓએ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, આ કામના ફરીયાદી અલકાબેન અમારા ગ્નાતિના થતા હોય જેથી ઓળખું છું.હું મનજીભાઇ ને ઓળખું છું. શું બનાવ બનેલ તેની મને કાંઇ ખબર નથી. હું બનાવ વખતે હાજર ન હતો. બનાવ સબંધે કાંઇ જાણતો નથી.

પોલિસે બનાવ સબંધે મારી કોઇ પુછપરછ કરેલ નહી. હું આરોપીઓને ઓળખું છું જે અમારા ગામના થાય છે. સદર સાહેદે ફરીયાદ પક્ષના કેસને અનુરૂપ પુરાવો રજુ ન રાખતા તેઓને વિમુખ થયેલા જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પશ્નો પુછવાની ફરીયાદ પક્ષને પરવાનગી આપવા છતા કોઈ ફળદાઇ હકીકત રેકર્ડ પર લાવી શકેલ નથી. સદર સાહેદની આરોપી પક્ષે ઉલટ તપાસ થયેલ નથી.

૮.૫ સદર કામે ફરીયાદપક્ષે સાહેદ મુળજીભાઈ દેવાભાઈ બગડાને આંક –૨૦ થી તપાસવામાં આવેલ છે તેઓએ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, હું ઉપરોકત સરનામે રહું છું. મને બનાવની ચોક્કસ તારીખ યાદ નથી . પરંતુ બનાવ આશરે બે વર્ષ પહેલા બનેલ હતો. બનાવમાં મારા બહેન અલકાબેન ગામમાં દુધ લેવા સાંજે ૭ વાગ્યે જતા હતા ત્યારે આરોપીઓ મંગલ મનજીભાઇ , મનજીભાઇ તેજાભાઇ, સંજયભાઇ બેઠા બેઠા દાંત કાઢતા હતા અને અલકાબેન ને મનફાવે તેમ ગાળો બોલવા લાગેલ . જેથી મારી બેન અલકાબેન એ આ બાબતની ઘરે આવીને વાત કરેલ. જેથી અમો તેના ઘરે કહેવા ગયેલ તો સામે તે લોકો એ ધમકી આપેલ કે તમોને જાનથી મારી નાખીશું. આ બાબતની ફરીયાદ અલકાબેન એ આપેલ. પોલિસે બનાવ સબંધે મારી પુછપરછ કરેલ. હું આરોપીઓને ઓળખું છું. જે આજ રોજ કોર્ટમાં હાજર છે.

બચાવપક્ષ તરફે વિ.વ.શ્રી દવારા ઉલટતપાસ કરવામાં આવેલ જેમા એ હકીકત કબુલ કરેલ છે કે, એ વાત ખરી નથી કે બનાવ બનેલ ત્યારે હું હાજર ન હતો. એ વાત ખરી છે કે બનાવની જાણ મને ખેંગાર ભાઇ એ કરેલ. એ વાત ખરી છે કે અલકાબેનને આરોપીઓએ ગાળો આપેલ હોય કે અપમાન કરેલ હોય તેવું મે સાંભળેલ નથી. એ વાત ખરી નથી કે આવો કોઈ બનાવ બનેલ ન હોવા છતાં ફરીયાદી મારા બહેન થતા હોય હાલની સોગંદ ઉપર ખોટી જુબાની આપું છું.

૮.૬ સદર કામે ફરીયાદપક્ષે ત.ક.અ. ધર્મેન્દ્રસિંહ ભરતસિંહ લાઠીયાને આંક –૨૫ થી તપાસેલ છે તેઓની જુબાની ધ્યાને લેતા તેઓએ પોતાની સોગંદ

પરની જુબાનીમાં જણાવેલ છે કે, હું સને ૨૦૨૩ ની સાલમાં શેઠવડાળા પોલિસ સ્ટેશનમાં હેડ કો.તરીકે ફરજ બજવતો હતો. તા.૦૭/૭/૨૦૨૩ ના રોજ અલકાબેન વા.ઓ ખેંગારભાઇ નારણભાઇ વારસંકીયાએ ફરીયાદ આપેલ જેના ફર્સ્ટ ગુના રજી.નં.૦૨૦૯/૨૦૨૩ જે આઇ.પી.સી. કલમ ૫૦૪,૫૦૬(૨), ૧૧૪ મુજબની આપેલ. જે ફરીયાદ પી.એસ.ઓ.શ્રી કે.જી.હાલા નાઓએ રજીસ્ટર કરી અને આગળની તપાસ અમોને સોંપતા તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ તેમજ પંચો રૂબરૂ પંચનામું કરેલ અને આરોપીઓને અટક કરેલ. પુરતો પુરાવો જણાતા નામ.કોર્ટમાં ચાર્જશીટ કરેલ. મને આંક–૧૬ વાળી ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં રૂબરૂ તરીકે મારી તથા ફરીયાદી ની સહી છે જે હું ઓળખું છું. મને આંક–૧૮ વાળું બનાવવાળી જગ્યાનું પંચનામું બતાવવામાં આવે છે જેમાં રૂબરૂ તરીકે મારી તેમજ બે પંચોની સહી છે.આરોપીઓને ઓળખું છું જે આજ રોજ કોર્ટમાં હાજર છે.

બચાવપક્ષ તરફે વિ.વ.શ્રી દવારા ઉલટ તપાસ કરવામાં આવેલ જેમા એ હકીકત કબુલ કરેલ છે કે, એ વાત ખરી છે કે કહેવાતી બનાવવાળી જગ્યા ભોજાબેડી ગામમાં જાહેર રોડ પર આવેલ છે. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાની આજુબાજુ રહેણાંક મકાનો આવેલ છે. એ વાત ખરી નથી કે પંચો રૂબરૂ સ્થાનિક જગ્યાનું પંચનામું કરેલ નથી. એ વાત ખરી છે કે આ કામે આરોપીઓનું અટક પંચનામું કરવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાનો રફ સ્કેચ તૈયાર કરી તપાસના કામે સામેલ રાખેલ નથી. એ વાત ખરી નથી કે સાહેદોના નિવેદનો ફરીયાદ ને અનુરૂપ જાતે લખી લેવામાં આવેલ છે. એ વાત ખરી નથી કે આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો ન હોય ખોટી તપાસ કરી ચાર્જશીટ કરેલ.

**ફરીયાદપક્ષના પુરાવાનું મુલ્યાંકન**

**૦૯.** આ કામે આરોપીઓ વિરૂધ્ધ ઈ.પી.કો. કલમ–૫૦૪ મુજબના ગુનાનુ તહોમત રહેલ હોય ત્યારે સદર ગુનાની જોગવાઈ વંચાણે લેતા તેમા જણાવેલ છે કે **''ઉશ્કેરાઈ જઈને કોઈ વ્યકિત જાહેર સુલેહ શાંતિનો ભંગ કરે અથવા કોઈ ગુનો કરી બેસે એવા ઈરાદાથી અથવા કોઈ વ્યકિત જાહેર સુલ ેહ શાંતિનો ભંગ કરશે અથવા કોઈ ગુનો કરી બેસશે એવો સંભવ હોવાનું**

**જાણવા છતાં, જે કોઈ વ્યકિત, ઈરાદાપૂર્વક બીજી કોઈ વ્યકિતનું અપમાન કરીને તેને એવા ઉશ્કેરાટનું કારણ આપે, તેને બે વર્ષ સુધીની બેમાથી કોઈપણ પ્રકારની કેદની અથવા દંડની અથવા તો બંન્ને શિક્ષા કરવામાં આવશે.**'' આમ ઉપરોકત જોગવાઈ લક્ષમાં રાખી ફરીયાદ પક્ષે પડેલ રેકર્ડપરનો પુરાવો ધ્યાને લેતા આરોપીઓએ ફરિયાદી કે સાહેદનુ ઈરાદા પુવર્ક અપમાન કરેલ હોય કે ઉશ્કેરાટનુ કારણ આપેલ હોય તેવી હકીકત રેકર્ડ પર આવતી નથી. કારણ કે આ કામે આંક–૧૫ થી તપાસવામાં આવેલ આ કામના ફરીયાદીએ પોતાના પુરાવામાં તેણી તા.૦૪/૦૭/૨૩ ના રોજ સાંજના સાતેક વાગ્યે તેઓના ઘરેથી ડેરીએ દુધ લેવા જતી હતી ત્યારે રસ્તામાં ભગાબાપાના ડેલા પાસે મેદાન પાસે પહોંચતા આરોપીઓ ત્યારં બેસેલ હતા અને તેણી ત્યાં થી પસાર થતી હતી ત્યારે સંજય વાઘેલા એ રીતે બોલવા લાગેલ કે અમાર વિરૂઘ્ધ ફરીયાદ આપેલ પરંતુ અમારુ શું બગાડી લીધુ મારો ભાઈ છુટી ગયેલ છે જેથી મે તેને કહેલ કે, મને શા માટે આવુ સંભળાવો છો હુ તો કાઈ બોલતી નથી તેથી તે લોકો ઉશ્કેરાઈ ગયેલ અને ગાળો દેવા લાગેલ આમ આરોપીઓએ ફરીયાદીને ગાળો આપેલ હોવાનુ ફરીયાદી પોતાના પુરાવામાં જણાવે છે પરંતુ શું ગાળો આપેલી તેવા કોઈ સ્પષ્ટ શબ્દો પોતાના પુરાવામાં જણાવેલ નથી હવે આ સંદર્ભમાં આંક–૧૯ થી તપાસવામાં આવેલ સાહેદે પણ પોતાના પુરાવામાં તેમની પત્નિને ગાળો બોલેલ હોવાનુ જણાવેલ છે પરંતુ આ સાહેદે પણ પોતાના પુરાવામાં તેમની પત્નીને શું ગાળો આપેલી તેવા સ્પષ્ટ શબદો પોતાના પુરાવામાં જણાવેલ નથી તેવી જ રીતે આંક–૨૦ થી તપાસવામાં આવેલ સાહેદે પણ તેઓની બહેનને આરોપીઓએ મનફાવે તેમ ગાળો આપેલ હોવાનુ પોતાના પુરાવામાં જણાવેલ છે પરંતુ આ સાહેદે પણ કેવી અને શું ગાળો આપેલ તેના સ્પષ્ટ શબ્દો પોતાના પુરાવામાં જણાવેલ નથી. વધુમાં આંક–૧૯ તથા આંક–૨૦

થી તપાસવામાં આવેલ સાહેદ સ્થળ પર હાજર હોય તેવુ રેકર્ડપરના પુરાવાથી જણાતુ નથી આમ, ફરીયાદીને આરોપીઓએ શું ગાળો આપેલ તે ચોકકસ શબ્દો રકર્ડ પર આવેલ ન હોય ત્યારે આ તબ્બકે **પ્રવિણભાઈ બેચરભાઈ વણકર અને બીજાઓ વિરુઘ્ધ ગુજરાત રાજ્ય–૨૦૦૭ જી.એલ.આર.૩૩૭** ના ચુકાદામાં પ્રતિપાદીત કરેલ સીધાંતો અહી ધ્યાને લેવા આવશ્યક જણાય છે સદર ચુકાદામાં નામ. હાઈકોર્ટ દવારા ઠરાવેલ છે કે આરોપીઓ ધ્વારા વપરાયેલા અસલ શબ્દો રેકર્ડ પર જયાં સુધી તે રેકર્ડ પર આવે નહી ત્યાં સુધી એવુ ઠરાવુ શકય નથી કે ગુનો આચરવામાં આવ્યો છે. કલમ–૫૦૪ માં જણાવ્યા પ્રમાણે અપમાન માત્ર ઈરાદપૂર્વકનુ નહી અપમાનિત વ્યકિતને જાહેર શાંતિનો ભંગ કરવા અથવા અન્ય ગુનો કરવા ઉશ્કેરણી કરતુ હોવુ જોઈએ. આમ ઉપરોકત નામદાર હાઈકોર્ટના ચુકાદાને ઘ્યાને લેતા તથા રેકર્ડ પરનો પુરાવો ઘ્યાને લતો ફરીયાદીની આપેલ ગાળો ના શબ્દો રેકર્ડ પર આવેલ નથી તેવા સંજોગોમાં આરોપી સામેના આક્ષેપીત આઈ.પી.સી કમલ–૫૦૪ મુજબના ગુનાના આવશ્યક તત્વો રેકર્ડ પરના પુરાવાથી પુરાવાર થતા ન હોય ત્યારે આરોપીઓને તેમની સામેના આઈ.પી.સી કલમ–૫૦૪, ૧૧૪ મુજબના ગુનાના તહોમતમાં તકશીરવાન ઠરાવી શકાય નહી તવુ આ કોર્ટનુ નમ્રપણે માનવુ છે.

**૧૦.** વધુમાં, આ કામના આરોપીઓ સામે ઈ.પી.કો. કલમ–૫૦૬(૨),૧૧૪ મુજબના ગુનાનુ તહોતમ રહેલ છે. ત્યારે તેની જોગવાઈ ઘ્યાને લેતા ''**જે કોઈ વ્યકિતને ગુનાહીત ધમકી આપે અને તે ધમકી મૃત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા કરવાની અથવા આગથી મિલકતનો નાશ કરવાની અથવા મોતની આજીવન કેદની અથવા સાત વર્ષની મુદત સુધીની કેદની શિક્ષાને પાત્ર ગુનો કરવાની હોય અથવા કોઈ શરીર ઉપર ચારિત્રય હીનતાનો આળ મૂકવાનો હોય, તો તેને સાત વર્ષની મુદત સુધીની**

**બેમાથી કોઈ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બંન્ને શિક્ષા કરવામાં આવશે.''** આ કામે ફરીયાદ પક્ષે પડેલ રેકર્ડ પરનો પુરાવો ધ્યાયને લેતા આં ક–૧૫ થી તપાસવામાં આવેલ આ કામના ફરીયાદીએ આરોપી મંગલભાઈ વાઘેલાએ ગામ મુકાવી દેવાની તેમજ મંગલભાઈએ મારી નાખવાની પણ ધમકી આપેલ હોવાનુ પોતાનુ પુરાવામાં જણાવેલ છે. તે જ રીતે આંક–૧૯ થી તપાસવામાં આવેલ સાહેદે પણ આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોવાનુ અને હવે તમારા ઘરનો વારો છે તેવુ જણાવેલ તેમ પોતાના પુરાવામાં જણાવેલ છે તે જ રીતે આંક–૨૦ થી તપાસવામાં આવેલ સાહેદે આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોવાનુ જણાવેલ છે પરંતુ ફરીયાદીનો પુરાવો ધ્યાને લેતા તેઓના જણાવ્યા મુજબ તેણીને દુધ લેવા જતી હતી ત્યારે રસ્તામાં આરોપીએ જાનથી મારી નાખવાની ધમકી આપેલાનુ જણાવેલ છે જયારે આંક–૧૯ થી તપાસવામાં આવેલ સાહેદે તેમની પત્નિ ને આરોપીઓએ ગાળો બોલેલાની જાણ તેમની પત્નીએ કરતા આરોપીઓના ઘરે ગયેલ અને શા ની તકરાર કરો છો તેમ કહેતા ધમકી આપેલ હોવાનુ પોતાનુ પુરાવામાં જણાવેલ છે તે જ રીતે આંક–૨૦ થી તપાસવામાં આવેલ સાહેદે પણ તેમની બહેન અલ્કાબેને વાત કરતા તેઓના ઘરે કહેવા જતા ધમકી આપેલ હોવાનુ જણાવેલ છે. આમ આરોપીઓએ ધમકી આપેલ હોવાની હકીકત બાબતે પરસ્પર વિરોધાભાષી પુરાવો રેકર્ડ પર આવે છે. વિશેષમાં ફરીયાદીનો પુરાવો ધ્યાને લેતા હાલના ફરીયાદ વાળો બનાવ બન્યા બાદ અગાઉ જે ઠેકાણે રહેતા હતા ત્યાંજ રહેતા હોવાનુ અને હાલના બનાવ બાદ બીજો કોઈ બનાવ ન બનેલ હોવાનુ તેમજ આરોપીઓ તેમના ગામના અને પાડોશીઓ હોવાથી પહેલાથીજ ઓળખતા હોવાનુ સ્વીકારેલ છે. તે જ રીતે આંક–૧૯ થી તપાસવામાં આવેલ સાહેદે પણ પોતાના ઉલટ તપાસના પુરાવામાં હાલના બનાવ બાદ બીજો કોઈ બનાવ ન

બનેલ હોવાનુ અને હાલ પણ પોતાના ઘરે જ રહેતા હોવાનુ અને નીત્યક્રમમા કામ ધંધે જતા હોવાનુ અને તેની પત્ની પણ નીયમીત કામકાજ કરતા હોવાનુ અને તેઓની સાથે રહેતા હોવાનુ સ્વીકારેલ છે. વધુમાં આંક–૨૦ થી તપાસવામાં આવેલ સાહેદનો પુરાવો ઘ્યાને લેતા તેઓએ એ વાત નો સ્વીકાર કરેલ છે કે, બનાવની જાણ ખેંગારભાઈએ કરેલી તેમજ એ વાતનો પણ સ્વીકાર કરેલ છે કે, અલ્કાબેનને આરોપીઓએ ગાળો આપેલ હોય કે અપમાન કરેલ હોય તેવુ મે સાંભળેલ નથી. આમ ફરીયાદી તથા સાહેદોને આરોપીઓએ ધમકી આપેલ હોવાનુ માની લેવામાં આવે તો પણ આરોપીઓની ધમકીથી ફરીયાદી તથા સાહેદો ભયભીત થયેલ હોય કે પોતાનુ રોજીંદુ કામકાજ કરવા અશ્કત બનેલ હોય તેવુ રેકર્ડપરના પુરાવાથી પુરવાર થતુ નથી. વધુમાં આ સંદર્ભમાં **મુસાફખાન યાસીનખાન પઠાણ અને બીજાઓ વિરુઘ્ધ ગુજરાત રાજય–૨૦૦૧** ના ચૂકાદામાં જણાવેલ છે કે મૃત્યુ અથવા ગંભીર વ્યથા પહોંચાડવાની ધમકી આવશ્યક ઘટકો તેઓને અપાયેલ ધમકીના કારણે ફરિયાદીને ભયની ઘંટી બજતી હોય તેવુ લાગવુ જોઈએ. આ કામે ઉપર કરેલ ચર્ચા મુજબ આરોપીઓએ આપેલ મારી નાખવાની ધમકીની ફરીયાદી કે સાહેદ ઉપર કોઈ અસર થયેલાની હકીકત પણ પુરવાર થતી નથી. તેવા સંજોગોમાં આરોપી નાઓને તેમની સામેના ઈ.પી.કો. કલમ–૫૦૬(૨),૧૧૪ મુજબ સજાને પાત્ર ગુન્હા બદલ તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. વીશેષમાં રેકર્ડ પરના પુરાવાનુ મુલ્યાંકન કરતા ફરીયાદીની દીકરીની છેડતી આરોપીએ કરતા તે અન્વયે પોકસો કોર્ટ જામનગર ખાતે કેસ ચાલતો હોવાનુ રેકર્ડ પર આવેલ છે. અને તે પહેલા આરોપીઓ સાથે સામાન્ય સબંધ હોવાનુ ફરીયાદીએ સ્વીકારેલ છે. તે જ રીતે આંક–૧૯ થી તપાસવામાં આવેલ સાહેદે આરોપીઓ સાથે અગાઉથી અણબનાવ ચાલતો

હોવાનુ સ્વીકારેલ છે ફરીયાદ પક્ષનો પડેલ પુરાવો ધ્યાને લેતા બનાવ તા.૦૪/૦૭/૨૦૨૩ના રોજ બનેલાનુ જણાય છે જયારે બનાવની ફરીયાદ તા.૦૭/૦૭/૨૦૨૩ના રોજ આપેલ હોવાનુ જણાય છે જેથી ફરીયાદ મોડી કરવા બાબતે પણ કોઈ સંતોષકારક કારણ કે ખુલાસો ફરીયાદપક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી. વધુમાં ફરીયાદ મુજબનો બનાવ જાહેર સ્થળે બનેલ હોવાનુ પણ રેકર્ડ પર આવેલ છે તેમજ આ કામે તપાસવામાં આવેલ ફરીયાદી તથા સાહેદો એકબીજાના સગા હોવાનુ પણ રેકર્ડપર આવેલ છે. ફરીયાદી તથા સાહેદોના જણાવ્યા મુજબ ફરીયાદને આરોપોઓએ ગાળો આપેલ હોય તેમજ ફરીયાદી તથા સાહેદને આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેને કોઈ અન્ય સ્વતંત્ર સાહેદોના પુરાવાથી સર્મથન પ્રાપ્ત થયેલ નથી. તેવા સંજોગોમાં ઉપરોકત તમામ ચર્ચાના અંતે આરોપીઓ સામેના આક્ષેપીત ગુનાનુ તહોમત ફરીયાદ પક્ષ શંકાથી પર પુરવાર કરવામાં સફળ રહેલ ન હોય જેથી **મુદા નં.૧** નો જવાબ **નકારમાં** ઠરાવી મુદા નં.૨ અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-: હુ ક મ :-**

(૧) આ કામના આરોપીઓ (**૧**)**મનજીભાઈ તેજાભાઈ વાઘેલા** ઉ.વ. ૫૨ , ધંધો-મજુરી,રહે.ભોજાબેડી ગામ, તા. જામજોધપુર, જી.જામનગર **(૨)મંગલભાઈ ઉર્ફે બીટુ સ/ઓ મનજીભાઈ વાઘેલા** ઉ.વ. ૨૨ , ધંધો- મજુરી, રહે. ભોજાબેડી ગામ, તા. જામજોધપુર, જી.જામનગર ભોજાબેડી ગામ, તા. જામજોધપુર, જી.જામનગર **(૩) સંજયભાઈ નારણભાઈ વાઘેલા** ઉ.વ. ૨૫ , ધંધો - મજુરી, રહે. ભોજાબેડી ગામ, તા. જામજોધપુર, જી.જામનગર નાઓને સી.આર.પી.સી.કલમ - ૨૪૮(૧) અન્વયે ઈ.પી.કો. કલમ -૫૦૪,૫૦૬(૨), ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નીર્દોષ ઠરાવી છોડી મૂકવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૨) સદર કામમાં જો કોઇ બીન કીમતી મુદામાલ કબજે કરેલ હોય તો અપીલ સમય વિત્યે નિયમોનુંસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામના આરોપીઓના અગાઉ આપેલ જામીન તથા જાતમુચરકા આથી રદ કરવામાં આવે છે.

(૪) આ કામે પ્રત્યેક આરોપીએ સી. આર. પી. સી. ની કલમ–૪૩૭ (એ) મુજબ અપીલ સમયસુધીના રૂ.૧૦,૦૦૦/– (રૂપિયા દસ હજાર પુરા/–) ના જામીન તથા તેટલી જ રકમનો જાતમચુરકો રજૂ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ આજરોજ તા.૧૧, માહે જુન, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

સ્થળ:– જામજોધપુર
તા.૧૧–૦૬–૨૦૨૬

**(નરેશકુમાર રમેશભાઇ ગોહેલ)**
જયુડિશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
જામજોધપુર
જજ કોડ : જીજે – ૧૫૮૪